# શિક્ષકે શૈક્ષણિક કામને પૂજા સમજીને કરવું જોઇએ

દરેક વ્યકિત દરેક ક્ષણે કોઇને કોઇ કામ કરતો જ હોય છે. ઘણીવાર આપણે કહીએ કે શું કરો છો ? અને જવાબ મળે કે, બસ કસું જ નહીં નવરો બેઠો છું. તો પણ એ વ્યકિંત બેસવાનું તો કામ કરી જ રહી હોય છે. બીજી રીતે વિચારતાં માણસ પાસે વિચારશક્તિ છે. તે દરેક ક્ષણે કશું ક ને કશુંક વિચારતો જ હોય છે. તમે ઇચ્છો કે મારે બે-પાંચ મિનિટ વિચારો કર્યા વિનાની પસાર કરવી છે. તો એ આપણા જેવા સામાન્ય માણસ માટે સંભવી જ નહીં શકે. આમ પણ વિચારહીન વ્યક્તિ ક્યારેય સફળતા કે પ્રગતિ પ્રાપ્ત કરી જ ન શકે. આ વિચારો હકારાત્મક અને વાસ્તવિક હોવા જોઇએ. વિચારને અંતે વ્યક્તિ કોઇ કામ હાથ પર લે છે અથવા તો કામ કરતાં કરતાં પણ વિચારણા ચાલુ જ રાખે છે. ત્યારે ક્યારેક તે કામને અંતે ધારેલું થાય તો આપણે કહીએ છીએ કે સફળતા મળી અને જો ધારણા પ્રમાણેનું ન થયું હોય તો કહીએ છીએ કે નિષ્ફળતા મળી.

શિક્ષકે પણ બાળકો સાથે રહીને કામ કરવાનું હોય છે, ત્યારે ઘણીવાર એવું બને છે કે તેને શીખવ્યું હોય તે તેની ધારણા પ્રમાણે બાળક સુધી પહોંચે નહી તો તે પોતે નિરાશ થઇ જાય છે. આમ વારંવાર બનવાથી શિક્ષક પણ સામાન્ય વ્યક્તિની જેમ પ્રયત્ન છોડી દે છે. આ ઉપરાંત શિક્ષકનું મુખ્ય કામ વર્ગખંડમાં શિક્ષણ આપવાનું જ નથી, તે ઉપરાંત તેણે ઘણાં શૈક્ષણિક અને સામાજિક કાર્યો કરવાના હોય છે. ત્યારે જો કામને અંતે સંતોષ પ્રાપ્ત કરવો હોય તો કામને પૂજા તરીકે સ્વીકારીને કરવામાં આવશે તો ભલે સફળતા ન મળે તો પણ સંતોષ તો મળશે જ. હતાશા નહીં જ મળે. આ બાબત માત્ર શિક્ષકને જ નહીં દરેક વ્યવસાયના દરેક વ્યક્તિને લાગુ પાડી શકાય. શીખવવાના કામને પૂજા તરીકે કેમ સ્વીકારવું જોઇએ. તો આપણે આપણા આરાધ્યદેવની પૂજા કરતા હોઇએ છીએ તે ક્ષણોને યાદ કરીને સમજીએ.

પૂજાને આધ્યાત્મિક બાબત ગણવામાં આવે છે, જ્યાં આધ્યાત્મિકતા હોય ત્યાં પવિત્રતા હોય છે. તો શીખવવાના કામને પણ પવિત્ર માનવું જોઇએ સાથે આધ્યાત્મિકતાના અંશનું ઉમેરણ કરવું જોઇએ. પૂજાનું કામ પવિત્ર છે, તો શિક્ષણનું કામ પણ એટલું જ પવિત્ર છે. આપણે જ્યારે પૂજા કરવા બેસીએ છીએ ત્યારે એક જ ચિત્તે અને એકાગ્રતા ધારણ કરીને પૂજા કરીએ છીએ તો તેવી જ રીતે શિક્ષક કોઇપણ શૈક્ષણિક કામ કરે ત્યારે પણ એક ચિત્તે, પૂરી એકાગ્રતા સાથે  કરવું જોઇએ. પૂજા કરીએ છીએ ત્યારે ભગવાન પાસે કોઇ અપેક્ષા પણ ઘણીવાર વ્યક્ત કરીએ છીએ. આમછતાં જો અપેક્ષા ન સંતોષાય તો પણ આપણે ક્યારેય ભગવાનને દોષ આપતા નથી અને બીજા દિવસે પૂરી નિષ્ઠા અને વિશ્વાસ સાથે પૂજા કરવા બેસીએ છીએ. તેવી જ રીતે શિક્ષકને કોઇપણ શૈક્ષણિક કામના અંતે  જો સફળતા ન મળે તો ભાગ્યને કે બાળકોને દોષ આપવાની જરૂર નથી. પણ પૂજાની જેમ બીજા દિવસે પૂરા વિશ્વાસ અને નિષ્ઠા સાથે પ્રયત્ન ચાલુ જ રાખવો જોઇએ. પૂજા કરવાથી આત્મસંતોષ અને આત્મવિશ્વાસ મળે છે. તેવી જ રીતે જો શિક્ષક પોતાના કામને પૂજા તરીકે જોશે તો તેનામાં પણ આત્મસંતોષ અને આત્મવિશ્વાસમાં વધારો થશે. નવરો બેસી રહેનારો કે જેને કામ કરવું ગમતું ન હોય તેવા શિક્ષકને ક્યારેય સંતોષની પ્રાપ્તી થતી નથી. પૂજા કરીએ છીએ ત્યારે પૂરા દિલથી કરીએ છીએ,

તો શિક્ષકે પણ પોતાનું કામ એટલેકે શીખવવાનું કામ પૂરા દિલથી વિશ્વાસ સાથે કરવું જોઇએ. પૂજા કરીએ છીએ તેમાં એક શ્રદ્ધાનું તત્ત્વ પણ હોય છે, ક્યારેક આ શ્રદ્ધાનું પરિવર્તન અંધશ્રદ્ધામાં પણ થાય છે. તેનો ખ્યાલ રાખીને શિક્ષકે પણ પોતાનું કામ પૂરી શ્રદ્ધા સાથે કરવાનું છે. શેક્ષણિકકાર્યમાં અંધશ્રદ્ધા પેસવી ન જોઇએ. પૂજા કરનાર વ્યક્તિ ભગવાન પર શ્રદ્ધા રાખે છે, તો શિક્ષકે બાળકો પર શ્રદ્ધા રાખવાની છે. પૂજા દરમિયાન કોઇ અપેક્ષા કે પરિણામની આશા રાખી હોય અને તે તાત્કાલિક ન મળે તો પણ પૂરી શ્રદ્ધા અને વિશ્વાસથી બીજા દિવસે પૂજા ચાલુ રાખીએ છીએ તેમ શિક્ષકે શીખવવાના અંતે જો તાત્કાલિક સફળતા ન મળે તો પણ વિશ્વાસ અને શ્રદ્ધાથી કામ ચાલુ રાખવું જોઇએ. આમ કરવાથી કામનો થાક નહીં લાગે અને કામનું ભારણ પણ નહીં રહે. પૂજાની વિધિ કે સવાર-સાંજના સમયમાં જોઇ આપણે કોઇ બાંધ છોડ ન કરતા હોઇએ તો શિક્ષકે પણ પોતાના અધ્યાપન કાર્યની વિધિ અને સમય બાબતે શા માટે બાંધછોડ કરવી જોઇએ ? પૂજા જેટલી નિયમિતતા સાથે કરીએ છીએ, તેટલી નિયમિતતા શૈક્ષણિકકાર્ય માટે પણ હોવી જ જોઇએ. નિયમિતતા એ કામ પ્રત્યેની વફાદારી સૂચવે છે. પૂજા જેટલા રસથી, અનન્ય ઓતપ્રોત થઇને કરીએ છીએ, આજુબાજુની દુનિયા પણ આપણે ભૂલી જઇએ છીએ તેમ શિક્ષકે પણ પોતાનું કામ રસપૂર્વક અને પૂરા ડૂબીને કરવું જોઇએ. ક્યારેય પણ અવિશ્વાસ રાખવાનો જ નહીં, જેમ આપણે આપણી પૂજા કે ભગવાન પર અવિશ્વાસ રાખતા નથી. પૂજા કરવા બેસીએ ત્યારે અગરબત્તી અને ઘીના દીવા જેવી સામગ્રી લઇને જ બેસીએ છીએ, તો શિક્ષકે પણ બાળકોને શીખવતી વખતે પોતાના શૈક્ષણિક સાધનો લઇને જ વર્ગખંડમાં પ્રવેશ કરવો જોઇએ. પૂજાના રૂમને આપણે મંદીર ગણીએ છીએ તેમ શિક્ષકે પણ પોતાના વર્ગખંડને મંદીર જ સમજવા જોઇએ. ભગવાનનો ફોટો નિર્જીવ હોવા છતાં આપણે તેને કેટલું સન્માન આપીએ છીએ ? એ ફોટાને જ આપણે ભગવાન જ સમજીને કાળજી રાખીએ છીએ. તો શિક્ષકની સામે તો પૂરા સજીવ-ચેતન વિદ્યાર્થીઓ હોય છે, તો તેમની પણ શિક્ષકે કાળજી લેવાની છે, સન્માન આપવાનું છે. દરેક વ્યક્તિ દિવસમાં પોતાના આરાધ્યદેવને-ભગવાનને કેટલીવાર યાદ કરતી હોય છે? તમે કહેશો કે અનેકવાર. તો તેમ શિક્ષકે પણ પોતાના બાળકોને પોતાના મનથી ભૂલવાના નથી. આપણે રાતે સૂતી વખતે કે ઊઠીને જેમ ભગવાનને યાદ કરીએ છીએ તેમ શિક્ષકે પણ પોતાના બાળકોને સતત યાદ રાખવા જોઇએ. ભગવાનને ખૂશ કરવા જેટલા પ્રયત્ન કોઇપણ વ્યક્તિ કરે છે, તેટલા પ્રયત્ન શિક્ષક પોતાના બાળકોને ખુશ રાખવા કરે તો ? પૂજા એ ધાર્મિક કાર્ય છે, તેમ શિક્ષણને પણ ધાર્મિકકાર્ય ગણવું જોઇએ. દાર્મિકકાર્યમાં જેટલી આસ્થા અને નિષ્ઠા હોય છે તેટલીજ આસ્થા અને નિષ્ઠા શિક્ષકે પોતાના કાર્યમાં રાખવી જોઇએ. આમ સૌ શિક્ષકો આસ્તિક બને તેવી અપેક્ષા સહ.....

Email : **dr.ashokpatel@in.com**